# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, તાપીપુરા, સુરત.


**તા.૧૦/૦૯/૨૦૨૬**

## પી.આર.ઓ./૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ અન્વયે ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગના ઉમેદવારોએ ધ્યાને લેવા જોગ સુચના

સુરત મહાનગરપાલિકા દ્વારા ક્રમાંક : પી.આર.ઓ./૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ થી વિવિધ સંવર્ગોની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે સંવર્ગો પૈકી ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગની ભરતી પ્રક્રિયાના ભાગરૂપે ઓનલાઈન સફળતાપૂર્વક અરજી કરેલ એવા તમામ ઉમેદવારોના હિતને ધ્યાને લઈ અનુકુળતા મુજબ લેખિત પરીક્ષાનું કેન્દ્ર મળી રહે તે હેતુથી સદર કેડરની લેખિત પરીક્ષા રાજયના (૧) સુરત (૨) અમદાવાદ તથા (૩) રાજકોટ એમ વિવિધ ૦૩(ત્રણ) શહેરોમાં યોજવાનું નકકી કરવામાં આવેલ છે. જેની તમામ સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

ઉકત બાબતે સદર સંવર્ગના ઉમેદવારોએ તા.૧૨/૦૯/૨૦૨૬ થી ૧૫/૦૯/૨૦૨૬ રાત્રે ૧૨:૦૦ કલાક સુધીમાં સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર RECRUITMENT DASHBOARD પર ONLINE RECRUITMENT PORTAL માં જઈ પોતાના લોગ–ઈન પાસવર્ડથી ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગની કરેલ અરજી સામે LOCATION PREFERENCE ના બટન પર CLICK કરી PREFERENCE–1, PREFERENCE–2 તેમજ PREFERENCE–3 એમ ઉમેદવારની પોતાની અનુકુળતા મુજબ અગ્રતાક્રમમાં ૦૩(ત્રણ)શહેરોની પસંદગી કરી SUBMIT કરવાનું રહેશે. ઉમેદવાર તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૨:૦૦ કલાક સુધીમાં શહેરોની પસંદગીના ક્રમમાં ફેરફાર કરી શકશે. ત્યારબાદ કોઈ સુધારો કરી શકાશે નહી. જો નિયત સમયમર્યાદામાં ઉમેદવાર યોગ્ય વિકલ્પ પસંદ નહી કરે તો તેઓની ઓનલાઈન અરજીમાં જણાવેલ સરનામા મુજબ જ ઉમેદવાર દ્વારા નજીકના શહેરની પસંદગી કરેલ હોવાનું ગણવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

ઉમેદવારોને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર Recruitment Dashboard માં નિયમિતપણે અપડેટ જોતા રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

સહી/–
ઈ.ચા.એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર.)
સુરત મહાનગરપાલિકા